શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409

વર્ષ : ૧૭ અંક : ૧૧-૧૨
નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૨૫

SGVP અમદાવાદ આયોજીત

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે

21 દિવસનો

શ્રી મહાવિષ્ણુયાગ

તા. 22 ડીસેમ્બર, 2025 થી 11 જાન્યુઆરી, 2026

યજ્ઞ સમય : દરરોજ સવારે 7:00 થી 12:00

પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

યજ્ઞ સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર-અમદાવાદ

સત્સંગ સાધના શિબિર - ઋષિકેશ

સાયંકાળે ગંગા આરતી

ગુરુકુલ દર્શન

: સંસ્થાપક :
સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૭, નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૨૫, અંક : ૧૧-૧૨

-: પ્રકાશક તથા માલિક :-
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

ઘાયલ હો ગઇ સજણા...

ઘાયલ હો ગઈ સજણા
મારી તીરછી અંખિયા
વિષધર જૈ સે વિષ પિલાયે
તીખે નૈને તીર ચલાયે
છલની જૈ સા દિલ અકુલાયે
બો૨હમી ટૂ શઠિયા...મારી
તડપ તડપ કર હોશ ગૅંવાયે
જીયા ન જાયે મરા ન જાયે
કૈસા પીયરા કહર ઢહાયે
ઔષધ કોઉ ન લખીયા... મારી
પ્રેમ સમંદર પાની ગહેરે
ડૂબ ગયે હમ અંધે બહેરે
ન ઘર કે ન ઘાટ કે ઠહરે
જ લ બીચ તરસી મછિયા...મારી
કૂજ રહી કારી કોયલિયા
બાગન બૈઠી ઝૂલન કલીયા
ઘૂમ રહી પત્તો કો અલિયા
ખો જે માધવ સખિયા...મારી

અનુક્રમ

સત્સંગ સાધના શિબિર - ઋષિકેષ.....૦૪
યજ્ઞ : શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિશ્લેષણ.....૧૨

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

હિમાલયના ખોળે, ઋષિકેશના સાંનિધ્યમાં અધ્યાત્મની અમીધારા

સત્સંગ સાધના શિબિર - ૨૦૨૫

તારીખ ૨૫થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫, સ્થળ : પરમાર્થ નિકેતન, ઋષિકેશ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ભવ્ય ભારતીય સંસ્કૃતિની ચેતના સદાકાળ જેની શિલાઓમાં ધબકી રહી છે, એવા હિમાલયનું ગૌરવગાન શબ્દોમાં વર્ણવવું દુષ્કર છે. આ એ પવિત્ર ભૂમિ છે, જ્યાં અનાદિ કાળથી પરમતત્ત્વની શોધમાં નીકળેલા ઋષિ-મુનિઓએ કઠોર તપશ્ચર્યા કરી છે. અહીંથી જ્ઞાન અને વૈરાગ્યનાં ઝરણાઓ સમગ્ર જગતમાં વહ્યા છે. હિમાલય માત્ર પર્વતોની હારમાળા નથી, પણ તે તો અધ્યાત્મની અખંડિત ઊર્જાનો સ્રોત છે. તેના પ્રત્યેક શિખર જાણે કે પરમાત્મા તરફની યાત્રાનો મૌન સંદેશ આપી રહ્યા છે. આ મહાન પર્વતમાળાના ખોળે ભારતનું આધ્યાત્મિક હૃદય ધબકે છે. માટે જ અહીંના શાંતિપૂર્ણ વાતાવરણમાં સંસારની ભાગદોડમાંથી મુક્તિ મેળવી ચિત્તને પરમ શાંતિનો અનુભવ થાય છે.

આ પવિત્ર હિમાલયના પ્રવેશદ્વાર સ્વરૂપ, યોગ અને તપની ભૂમિ તરીકે વિશ્વવિખ્યાત છે - ઋષિકેશ. 'ઋષિકેશ' એટલે ઋષિઓનું ધામ. આ નગરને જોતાં જ, કલ્યાણકારી ઊર્જાનો સ્પર્શ અનુભવાય છે. અહીંનું દિવ્ય વાતાવરણ ભૌતિકતાના બંધનોમાંથી મુક્ત કરી આત્માને પરમાત્મા સાથે જોડવાનું સામર્થ્ય ધરાવે છે. પ્રકૃતિની રમણીયતા અહીં પરાકાષ્ઠાએ પહોંચી છે; વૃક્ષોની હરિયાળી, પર્વતોની વિશાળતા અને ગંગાજીની નિર્મળતા — આ ત્રિવેણી સંગમ ભક્તના હૃદયમાં ભક્તિરસનો અભિષેક કરે છે. ઋષિકેશના પ્રત્યેક રજકણ અનેક મહાન સંતો-તપસ્વીઓના પગલાંથી પાવન થયેલા છે, તેની પળે પળે પ્રતીતિ થાય છે.

સૌંદર્ય અને પવિત્રતાના કેન્દ્રમાં ગંગાજી વહી રહ્યા છે. ગંગાજી સાક્ષાત્ મોક્ષદાયિની છે. ઋષિકેશમાં ગંગાજીનું સાંનિધ્ય અલૌકિક છે. અહીં ગંગાનો પ્રવાહ જીવનમાં નિર્મળતાનો બોધ આપે છે. આવા અલભ્ય, દિવ્ય અને સાધનામય વાતાવરણમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠામ્ (SGVP), અમદાવાદ દ્વારા તા. ૨૫થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન 'સત્સંગ સાધના શિબિર'નું આયોજન પરમાર્થ નિકેતન ખાતે કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી વગેરે સંતોની પાવન ઉપસ્થિતિમાં આ સાત-દિવસીય શિબિર સાધકોના જીવનમાં અધ્યાત્મની ઊંચાઈઓને સ્પર્શવાનો એક સુવર્ણ અવસર બની રહી. પરમ પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજી મહારાજ (મુનિજી)ના સાંનિધ્યમાં, હિમાલયની છત્રછાયા અને ગંગાજીના અમૃતમય પ્રવાહ વચ્ચે સત્સંગ અને સાધનાની જે અલખ જ્યોત પ્રગટી, તેનો અહેવાલ અહીં પ્રસ્તુત છે.

સાધના શિબિરનો શુભારંભ

તા. ૨૫મી ઓક્ટોબરના પ્રાતઃકાળે, નવા વર્ષના નવલા દિવસોની શુભ શરૂઆતમાં, ગંગાજીના તટે એક અલૌકિક વાતાવરણ સર્જાયું હતું. પ્રાતઃકાળે ગંગાના શીતળ પ્રવાહ પર સુવર્ણકિરણો પથરાઈ રહ્યા હતા, ત્યારે શિબિરનો વિધિવત્ શુભારંભ થયો. પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે ઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ, દેશ-વિદેશથી પધારેલા અગ્રણી ભક્તજનોના હસ્તે દીપપ્રાગટ્ય કરીને સાધના શિબિરની જ્યોત પ્રજ્વલિત કરવામાં આવી. દીપપ્રાગટ્યની ક્ષણે, અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનના પ્રકાશ તરફ પ્રયાણ કરવાનો મૌન સંકલ્પ સૌના હૃદયમાં જાગ્યો.

નવા વર્ષના ઉમંગ અને ભક્તપણાના નિર્મળ ભાવને વધાવતાં શિબિરના પ્રારંભે 'સ્નેહમિલન'નું આયોજન થયું. સર્વપ્રથમ, બન્ને પૂજ્ય સંતોએ પરસ્પર ચંદનની અર્ચા કરી, હાર પહેરાવ્યા અને હૃદયના ભાવથી મળ્યા. આ દિવ્ય દર્શનને ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ પોતાના હૃદયકમળમાં કાયમ માટે અંકિત કરી લીધું.

ત્યારબાદ, સમગ્ર સભામાં એક અદ્‌ભુત દૃશ્ય સર્જાયું. સૌ સંતોએ ભક્તજનોની વચ્ચે જઈ, સ્નેહના પ્રતીક સમું રક્ષાસૂત્રનું બંધન કર્યું, ભાલમાં પવિત્ર ચંદનની અર્ચા કરી અને મુખમાં મિષ્ટાન આપીને સૌના ભક્તિભાવને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો. જાણે કે ભગવાનનું ધામ જ ગંગાના કિનારે ઊતરી આવ્યું હોય તેમ પ્રેમ, સત્સંગ અને સમર્પણના ત્રિવેણી સંગમનો અનુભવ થયો.

આ શિબિરનો મૂળ ઉદ્દેશ અધ્યાત્મની ઊંડાઈઓમાં પ્રવેશવાનો હોવાથી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સૌ સાધકોને સંબોધતા કહ્યું કે, "આ સાત દિવસ ગંગાજીના શીતળ જળ જેવો પવિત્ર અવસર છે. જીવનનાં સાચા લક્ષ્ય તરફ પ્રયાણ કરવા માટે આ પવિત્ર સમયને હૃદયથી વધાવી લેવો જોઈએ."

ત્યાર બાદ, પૂજ્ય સ્વામીજીએ પ્રથમ કથાસત્રનો પ્રારંભ કરાવતા, હિમાલયના આધ્યાત્મિક રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું : "હિમાલયને ભગવાનનું ધામ કહેવામાં આવ્યું છે અને આ ઋષિકેશ તેનું પવિત્ર દ્વાર છે. ત્યારે આ દિવ્ય ભૂમિ પર આપણે સૌના હૃદયના દ્વાર ખૂલે અને સાક્ષાત્ ભગવાન આપણાં હૃદયમાં પધારે, એવા શુભ આશય સાથે આપણે કથાવાર્તાનો પ્રારંભ કરીએ છીએ."

પૂજ્ય સ્વામીજીએ ભારપૂર્વક જણાવ્યું કે, માનવજીવનનું સાચું લક્ષ્ય છે - પરમાત્માની પ્રસન્નતા અને આ પ્રસન્નતા મેળવવાનો માર્ગ છે ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, સત્સંગ, સ્મરણ અને સમર્પણનો પવિત્ર સમન્વય. આ શિબિર સાધકો માટે માત્ર પ્રવચન-શ્રવણનું નહીં, પણ આધ્યાત્મિક પ્રયોગશાળા સમાન છે, જ્યાં સાંભળેલાં જ્ઞાનને આત્મસાત કરી હૃદયને ભગવદ્‌ભાવનાથી સમૃદ્ધ અને હરિયાળું બનાવવાનું છે.

આ સાત દિવસ દરમિયાન પૂજ્ય સ્વામીજી ગંગાજીના કિનારે, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત 'સારસિદ્ધિ ગ્રંથ'ના ગૂઢ રહસ્યોનું પાન કરાવીને શિબિરાર્થીઓને મોક્ષના માર્ગે દોરી રહ્યા. આ શુભારંભ જાણે કે અધ્યાત્મની મહાયાત્રાનો મંગલ પ્રારંભ હતો.

અનુભવોની એરણેથી : સત્સંગ-સાધનાનો મહિમા

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી - અનુભવોની એરણેથી નીકળતા એક એક શબ્દો સાધકોના હૃદયને સ્પર્શી જતા હતા. પૂજ્ય સ્વામીએ નિત્ય સાધકોની સાધનાઓના પ્રસંગો, હિમાલયમાં વસતા યોગીઓની કથાઓ, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની હિમાલયની યાત્રા જેવા વિષયોને લક્ષ્યમાં લઈને શિબિરાર્થીઓને પ્રેરણા આપી હતી. પૂજ્ય સ્વામીના એક-એક શબ્દોમાં સત્સંગનો મહિમા અને સાધનાની આવશ્યકતાનું ગૂઢ રહસ્ય છૂપાયેલું હતું. સ્વામીના મુખેથી નીકળતા અનુભવસિદ્ધ શબ્દો સાધકોને નવા જોમ અને પ્રેરણા આપતા હતા.

સાધના આત્મ-સાક્ષાત્કાર માટે અનિવાર્ય છે. નિત્ય સાધનાનો આગ્રહ રાખવો જોઈએ, કારણ કે મુક્તિના માર્ગે અવિરત પ્રયાસની જરૂર છે. આ માર્ગ ભલે ગહન હોય, પરંતુ સદ્‌ગુરુ અને સત્સંગના બળે તેને પાર કરી શકાય છે. હિમાલયમાં તપ કરતા યોગીઓની કથાઓ દ્વારા આ ગહનતાને સમજાવવામાં આવી હતી.

નિત્ય નવા વિચાર અને અદ્‌ભુત અનુભૂતિઓના અનુભવોનું વર્ણન કરતા પૂજ્ય મુનિજી મહારાજે સાધકોને સૂત્રાત્મક ભાષામાં અદ્‌ભુત વાતો કરી હતી. જેનું શ્રવણ કરતા ન થકાય તેવા જીવનોપયોગી વિચારોનું શ્રવણ કરી સૌ સાધકોને ખૂબ આનંદ આવ્યો.

સાથે સાથે પૂજ્ય શ્રી શામજી ભગત, પૂજ્ય શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી વિશ્વમંગલદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી બ્રહ્મવિહારીદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી હરિનંદનદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી વગેરે યુવાન સંતોએ નિત્ય વ્યાખ્યાનમાળા દ્વારા સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

शितळतानो स्पर्श - गंगास्नान

પ્રત્યેક શિબિરાર્થીની સવાર જાણે કે સાક્ષાત્કારના સૂર્યોદયથી થતી. વહેલી સવારે, જ્યારે આકાશમાં તારલાઓનો મંદ પ્રકાશ અને વાતાવરણમાં ગુલાબી ઠંડીનું સામ્રાજ્ય છવાયેલું હોય, ત્યારે શિબિરાર્થીઓ ઠંડા અને નિર્મળ ગંગાપ્રવાહમાં ડૂબકી લગાવીને દિવસનો પ્રારંભ કરતા હતા. હિમાલયની કંદરાઓમાંથી ઉતરી આવેલા ગંગાના શીતળ જળનો સ્પર્શ થતાં જ, ભક્તજનોના અંતરંગમાંથી સંસારની તમામ ક્લેશ-કાયાઓ ધોવાઈ જતી હતી. આ માત્ર સ્નાન નહોતું, પરંતુ તે તો મનની મલિનતાને દૂર કરી આત્માને પાવન કરવાની એક દિવ્ય અનુભૂતિ હતી.

બપોરના સમયે ગંગાકિનારે થતો ઠાકોરજીના અભિષેક સૌને આકર્ષતો. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના પાવન સાંનિધ્યમાં ગંગાજીના શીતળ, અમૃતમય અને કલ્યાણકારી જળ દ્વારા સર્વપ્રથમ ઠાકોરજીનો અભિષેક કરવામાં આવે. સંતો-ઋષિકુમારોના મુખમાંથી નીકળતા વેદ મંત્રોનું ગુંજન અને ભક્તો દ્વારા થતા કિર્તન-ભજનના નાદથી વાતાવરણ ભક્તિરસથી છલકાઈ ઊઠતું. અભિષેક સમયે ઠાકોરજીના ચરણોમાં ગંગાજળનો સ્પર્શ થતાં જ, એ જળ જાણે કે મોક્ષનો સંદેશ લઈને વહેતું હોય તેવો ભાસ થતો હતો. સંતોના અભિષેક બાદ, ઉપસ્થિત તમામ શિબિરાર્થી સંતો સાથે ક્રમશઃ ઠાકોરજીના દિવ્ય વિગ્રહનો અભિષેક કરીને જીવનને ધન્ય બનાવતા હતા.

અભિષેક પૂર્ણ થયા બાદ વાતાવરણમાં એક અનેરો અને ભાવવિભોર ઉલ્લાસ છવાઈ જતો. સંતો અભિષેકના પ્રસાદીરૂપ પવિત્ર જળનો સૌ ભક્તજનો ઉપર છંટકાવ કરે. આ જળનું એકેએક બુંદ જાણે કે પરમાત્માના આશીર્વાદ બનીને શરીર અને અંતરાત્માને મહાસુખ પ્રદાન કરે. ત્યારબાદ, સૌ શિબિરાર્થીઓ ગંગાજીના વહેતા પ્રવાહમાં ઊતરી સામૂહિક સ્નાનનો દિવ્ય અનુભવ કરતા.

ગંગાજીના પ્રત્યેક બૂંદમાં પાપથી ઉગારવાની શક્તિ છે. શિબિરાર્થીઓને ગંગાજીના આ અલૌકિક સાંનિધ્યમાં સ્નાન, અભિષેક અને સત્સંગનો જે દિવ્ય અવસર પ્રાપ્ત થયો, તે ખરા અર્થમાં જીવનની અનમોલ મૂડી બની રહેશે.



ગંગા આરતી

ઋષિકેશ ગંગાકિનારે અનેક નાના-મોટા આશ્રમો સાધકોને આશ્રય આપે છે. આ આશ્રમોમાંથી એક અદ્‌ભુત અને સુંદર આશ્રમ એટલે - પરમાર્થ નિકેતન. આ આશ્રમ અધ્યાત્મનું કેન્દ્ર છે. અહીં દેશ-વિદેશના અનેક લોકો જગતના વ્યવહાર ભૂલી અધ્યાત્મની અનુભૂતિ મેળવે છે. આ આશ્રમનું એક એલૌકિક અને અનોખું આકર્ષણ નિત્ય થતી ગંગા આરતી છે. આ આરતીના દર્શન કરતા દિવ્યતા, ભવ્યતા અને વૈદિક પરંપરાનો જીવંત અનુભવ મળે છે.

ખળખળ નિર્મળ વહેતો ગંગાજીનો પ્રવાહ અને શિવજીની ભવ્ય પ્રતિમાના સાંનિધ્યમાં આરતીના પ્રારંભે વેદના મંત્રો, પ્રાર્થના તથા સૂક્તોનું ગાયન વાતાવરણને શુદ્ધ અને દિવ્યતાથી ભરી દે છે. સૂર્યાસ્ત થતાં જ આરતીનું દૃશ્ય ભવ્ય અને મનમોહક બની જાય છે, જે દુનિયાભરના શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને આકર્ષે છે.

આરતી પૂર્ણ થયા બાદ ભક્તો દ્વારા પુષ્પના પડિયાઓ વચ્ચે ઝળહળતા દીવડાઓ જ્યારે ગંગાપ્રવાહમાં વહેતા મૂકવામાં આવે ત્યારે ગંગાજી જાણે દીવડાઓના વસ્ત્રો પહેરી વહેતા, હોય એવું રમણીય દૃશ્ય સર્જાય છે.

પરમાર્થ નિકેતનની ગંગા આરતી માત્ર જોવાલાયક નથી, પરંતુ ગહન આધ્યાત્મિક અનુભવ કરાવે છે. ગંગાજીનો કિનારો, ઋષિકુમારો દ્વારા મધૂર કંઠે થતું વેદ મંત્રોનું ગુંજન, દીવાઓની દિવ્ય જ્યોત અને વાતાવરણની શીતળતાનો અનુભવ મન અને આત્માને અપાર શાંતિ આપે છે.

આ આરતી ભારતીય સંસ્કૃતિની ભવ્યતા, આધ્યાત્મિકતાની ઊંડાઈ અને પ્રકૃતિ પ્રત્યેના આદરભાવનું અદ્‌ભુત પ્રતીક છે. ઋષિકેશની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ માટે આ આરતી એક અનમોલ અને હૃદયસ્પર્શી સ્મૃતિ બની રહે છે. સાધના શિબિર દરમિયાન દરરોજ પૂજ્ય સંતોના સાંનિધ્યમાં શિબિરાર્થીઓએ આ દિવ્ય-ભવ્ય આરતીનો લાભ લઈ અદ્‌ભુત અનુભવ હૃદયમંદિરમાં કંડારી લીધો.

ઠાકરથાળી ઉત્સવ તથા નિત્ય યજ્ઞ

સત્સંગ-સાધના શિબિરના આધ્યાત્મિક વાતાવરણની સાથે, શિબિરાર્થીઓએ બે અતિ વિશિષ્ટ કાર્યક્રમોનો ભરપૂર લાભ લીધો હતોઃ ઠાકરથાળી ઉત્સવ અને ગંગા કિનારે નિત્ય યજ્ઞ.

સાધનાના ઊંડાણમાંથી બહાર આવીને, સૌ ભાઈ-બહેનોએ ઠાકરથાળી ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉત્સવ માત્ર મનોરંજન પૂરતો સીમિત નહોતો, પરંતુ તે ભગવાન પ્રત્યેના પ્રેમ અને ભક્તિની અભિવ્યક્તિનું માધ્યમ બન્યો હતો. ઉત્સવ દરમિયાન સૌ શિબિરાર્થીઓ પરંપરાગત સંગીતના તાલે મન મૂકીને રાસ રમ્યા હતા. નાના-મોટાના ભેદ ભૂલી સૌ ભાઈ-બહેનો તાલબદ્ધતા સાથે રાસમય બન્યા હતાં.

શિબિર દરમિયાન દરરોજ ગંગાજીના પવિત્ર કિનારે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તજનો માટે આ અનુભવ અદ્‌ભુત બની રહ્યો. ભક્તજનોએ શુદ્ધ ઘી અને સામગ્રીની આહૂતિ યજ્ઞનારાયણને અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી. વૈદિક મંત્રોચ્ચાર સાથે થતી આહૂતિઓએ વાતાવરણને અત્યંત પવિત્ર અને દિવ્ય બનાવી દીધું હતું. પાવનકારી ગંગા નદીના કિનારે યજ્ઞ થવાથી તેની પવિત્રતા અને મહત્તા અનેકગણી વધી ગઈ હતી. ખાસ આ પ્રસંગે કેન્યા-આફ્રિકા નિવાસી શ્રી કે. વરસાણીના પંચોતેર વર્ષ પૂર્ણ થતા વિશેષ યજ્ઞ કરીને ભગવાનને પ્રાર્થના કરી હતી.

આ ઉપરાંત અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થીઓએ સૌ શિબિરાર્થીઓને રાજી કરવા ગંગાઅવતરણ નૃત્યનાટિકા પ્રસ્તુત કરી હતી. આ અદ્‌ભુત નૃત્યનાટિકા નિહાળી સૌ પ્રસન્ન થયા હતા.

અમૃત પર્વ સન્માન

૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના દિવ્ય અવસર એટલે કે અમૃતપર્વ નિમિત્તે, આધ્યાત્મિક જગતનો એક વિરલ પ્રસંગ બન્યો. હિમાલયની ગોદમાં ગંગાજીના તટ પર સ્થિત પરમાર્થ નિકેતન આશ્રમના અધ્યક્ષ, પરમ પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજી મહારાજ (મુનિજી) સાધના શિબિરની સભામાં પધાર્યા.

ખાસ નોંધનીય બાબત એ છે કે આ પ્રસંગે સભામાં ઉપસ્થિત કોઈ પણ વ્યક્તિને, ખદ પૂજ્ય સ્વામીજીને પણ, તેમના ૭૫ વર્ષ પૂર્ણ થયાની કે અમૃતપર્વનાં આયોજનની જરાય જાણ નહોતી. મુનિજી મહારાજે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પોતાની રીતે ગુપ્ત જ રાખ્યું હતું.

પરમ પૂજ્ય ચિદાનંદ સરસ્વતિજી મહારાજે પોતાનાં પ્રવચનની શરૂઆત કરી અને સૌપ્રથમ વખત આ પ્રસંગને ખુલ્લો મૂક્યો. મુનિજી મહારાજે જાહેર કર્યું કે આજે પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના જીવનના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

આ અણધારી જાહેરાત સાંભળીને સભામાં ઉપસ્થિત સૌ સાધકોના મુખ પર આશ્ચર્ય સાથે અપાર આનંદની લાગણી છવાઈ ગઈ હતી. મુનિજી મહારાજે સ્વામીજીના ૭૫ વર્ષના સેવામય જીવનની કૃતજ્ઞતા રૂપે તેમનું ભાવપૂર્વક પૂજન કર્યું હતું. આ પૂજન અંતર્ગત મુનિજી મહારાજે સ્વામીજીને પુષ્પહાર, શાલ તથા પર્યાવરણ અને આધ્યાત્મિકતાના પ્રતીક રૂપે રુદ્રાક્ષનો છોડ અર્પણ કરીને સન્માનિત કર્યા. આ સન્માન માત્ર એક ઔપચારિકતા નહોતી, પરંતુ એક મહાન સંત પ્રત્યેનો આદર અને સ્નેહનું પ્રતીક હતું. જેમણે પોતાનું સંપૂર્ણ જીવન ધર્મ, સમાજ અને સંસ્કૃતિની સેવામાં સમર્પિત કર્યું છે એવા સંતના પૂજનનો આ અવસર હતો.

આ પ્રસંગે, પરમ પૂજ્ય મુનિજી મહારાજે પૂજ્ય સ્વામીજીના સમગ્ર જીવન વિશે વાત કરી હતી. જેમાં સ્વામીજીના ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ એવં પ્રચાર-પ્રસાર માટે કરેલા અથાક અને નિષ્ઠાવાન પ્રયત્નોને ખૂબ ભાવથી બિરદાવતા જણાવ્યું હતું કે : "પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીનું જીવન એ તપ, ત્યાગ અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે પોતાની વાણી અને કર્મ દ્વારા સનાતન ધર્મના મૂલ્યોને માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ફેલાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. શિક્ષણ, આધ્યાત્મિકતા અને સામાજિક ઉત્થાનના ક્ષેત્રમાં તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમના ૭૫ વર્ષ પૂર્ણ થવા એ આપણા સૌ માટે એક ઉત્સવ છે. ગંગાજી તથા ભગવાનના ચરણોમાં પ્રાર્થના છે કે પરમ પૂજ્ય સ્વામીજીનું આયુષ્ય ખૂબ લાંબુ રહે અને તેમની પ્રેરણાથી અનેક સેવાકાર્યો નિરંતર થતા રહે. તેમનું દીર્ઘાયુષ્ય, જ્ઞાન અને સેવાભાવ સમાજને લાંબા સમય સુધી માર્ગદર્શન આપતા રહે."

આ દિવ્ય પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સૌ સંતો તથા સાધના શિબિરમાં ઉપસ્થિત દેશ-વિદેશના ભક્તોએ પણ સ્વામીજીના લાંબા અને સ્વસ્થ જીવન માટે હૃદયપૂર્વક પ્રાર્થના સાથે સ્વામીજીને શુભકામનાઓ પાઠવી હતી.

વિશેષમાં સાયંકાળે થતી ગંગાજીની આરતીમાં પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સ્વયં મુનિજીએ

પ્રથમ પૂજ્ય સ્વામીજીના જીવનને પ્રસ્તુત કરતી શોર્ટફીલ્મનું દર્શન કરાવ્યું હતું. ત્યારબાદ પુનઃ સ્વામીજીના જીવનની સફળતાઓનું દર્શન કરાવતા સન્માનનો વિધિ કર્યો હતો. આ અવસરે ખાસ સૌએ સાથે મળી આરતીની સાથે વિશેષ પ્રાર્થના પણ કરી હતી.

આમ, આ અમૃતપર્વ સન્માન સમારોહ પૂજ્ય સ્વામીજીના જીવનનો આધ્યાત્મિક પ્રભાવ અને સમર્પણની શાશ્વત ગાથાનું ગાન કરતો અનમોલ પ્રસંગ બની રહ્યો. આવા અનેક સંસ્મરણો સાથે દિવ્ય-ભવ્ય સાધના શિબિરની અનુભૂતિ મેળવી ગંગાજીની વિદાઈ લઈ ૨૦૨૮ની દિવાળીના દિવસોમાં ફરી મળવાનાં વચન સાથે છૂટા પડ્યા હતા.

યજ્ઞ : શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિશ્લેષણ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

સમષ્ટિના હિતાર્થે, સમગ્ર બ્રહ્માંડનાં અદૃશ્ય તત્ત્વોને, વૈશ્વિક પૃથ્વી, જલ, વાયુની સમતુલા માટે, જીવનચક્રને સુચારુ નિભાવવા માટે, વિવિધ દેવતાઓની પ્રસન્નતા માટે, ઐશ્વર્યોની પ્રાપ્તિ માટે સકામ અને ભગવત્ પ્રસન્નતા માટે નિષ્કામ યજ્ઞોની પરંપરા ઋષિગણોએ પ્રસ્થાપિત કરી છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે આ જ પરંપરાને વધારે વિશુદ્ધિ બક્ષી અને પુનઃ શુદ્ધ પરંપરાનું સ્થાપન થયું. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે સૌપ્રથમ વાર સંવત્ ૨૦૦૧ (ઈ.સ. ૧૯૪૫)માં જૂનાગઢમાં એકવીસ દિવસનો યજ્ઞ કરીને સંપ્રદાયમાં નોખી ભાત પાડી. પછી તો ગુરુકુલ દ્વારા યજ્ઞપરંપરા ચાલી. ઈ.સ. ૨૦૧૫ માં SGVP ખાતે અ.નિ. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ ૧૧૧૧ કુંડી મહાવિષ્ણુયાગ કરીને ઈતિહાસ સર્જ્યો. હરીથી ગુરુદેવના યજ્ઞકાર્યને સ્મરણપટ ઉપર લાવતા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ મેમનગરના સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે એકવીસ દિવસનો ૫૧ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ઉજવાવા જઈ રહ્યો છે. આ દિવ્ય પ્રસંગને કેન્દ્રમાં રાખી વૈદિક યજ્ઞપરંપરાની આછેરી ઝલક પ્રસ્તુત લેખમાં આપવામાં આવી છે.



યજ્ઞ, સનાતન ધર્મનું એક અતિ પ્રાચીન અનુષ્ઠાનનું માધ્યમ છે. યજ્ઞ માત્ર ધાર્મિક વિધિ પૂરતો સીમિત નથી, પરંતુ એક ગહન દાર્શનિક, વૈજ્ઞાનિક અને સામાજિક વિધિ છે. વેદોથી લઈને પુરાણો, ઉપનિષદો અને આધુનિક સંશોધનો સુધી યજ્ઞનું મહત્વ મુક્તકંઠે પ્રશંસા પામ્યું છે. અથર્વવેદમાં યજ્ઞને સમસ્ત બ્રહ્માંડને બાંધનાર નાભિ-સ્થળ કહેવામાં આવ્યો છે.

ભાગવતપુરાણ અને વિષ્ણુપુરાણમાં પણ યજ્ઞની મહત્તાને સ્વીકારવામાં આવી છે, જ્યારે અગ્નિપુરાણ અને મત્સ્યપુરાણ યજ્ઞને પરમાત્માની પ્રાપ્તિનું સાધન માને છે.

યજ્ઞ શબ્દ 'યજ્' ધાતુ પરથી ઊતરી આવ્યો છે, જેના 'પૂજા', 'ભક્તિ', 'દાન' વગેરે અર્થો થાય છે. શાસ્ત્રોમાં યજ્ઞ શબ્દની વ્યાખ્યા અનેક પ્રકારે કરવામાં આવી છે.

મહર્ષિ કાત્યાયન યજ્ઞની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે : "યજ્ઞ એટલે દેવ માટે દ્રવ્ય અર્પણ કરવાનો વિધિ."

યજ્ઞના ત્રણ મુખ્ય તત્વો છે - દ્રવ્ય (આહુતિ), દેવતા (જેના માટે આહુતિ અપાય) અને ત્યાગ (અર્પણનો ભાવ).

'ભાટ્ટદીપિકા' (૪-૨-૧૨) વધુ સ્પષ્ટતા કરતા જણાવે છે કે, 'યજ્ઞ એ છે જેમાં દેવતાઓને ઉદ્દેશીને મુખ્યત્વે અગ્નિમાં દ્રવ્યનો ત્યાગ કરવામાં આવે.'

'મત્સ્યપુરાણ' (૧૪૪-૪૪) અનુસાર, યજ્ઞ એટલે પંચસંયોગ. આમાં પાંચ વસ્તુઓનો સંયોગ થાય છે : દેવોનો, હવિર્દ્રવ્યોનો, ઋક્-સામ-યજુષ્ મંત્રોનો,

ઋત્વિજોનો અને દક્ષિણાનો.

મહર્ષિ પાણીનિ 'યજ્' ધાતુના ત્રણ અર્થ આપે છે, જે યજ્ઞના વ્યાપક સ્વરૂપને પ્રગટ કરે છે :

દેવપૂજા : આમાં ઇન્દ્ર વગેરે દેવોનું પૂજન થાય છે.

સંગતિકરણ : ધર્મના રક્ષણ માટે અથવા વિશ્વકલ્યાણ માટે મહાપુરુષો અને સ્વજનોનું એકત્રિત થવું.

દાન : દેશ-કાળ અને પાત્રને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાપૂર્વક દ્રવ્ય, વિદ્યા કે અન્ય વસ્તુઓનું દાન કરવું.

યજ્ઞના આવશ્યક તત્વો :

યજ્ઞની સફળતા અને ફળપ્રાપ્તિ માટે કેટલાક તત્વો અનિવાર્ય માનવામાં આવે છે :

દ્રવ્ય : યજ્ઞમાં અર્પણ કરવામાં આવતી સામગ્રી, જે ભૌતિક ત્યાગનું પ્રતીક છે. આહુતિદ્રવ્ય કોઈ પણ પદાર્થનું ન બની શકે, તેના માટે ચોક્કસ પદાર્થો નિર્ધારિત છે.

દેવતા : જે દેવને ઉદ્દેશીને આહુતિ આપવામાં આવે છે, તેના મંત્રના ઉચ્ચારણ દ્વારા જે તે દેવનું આવાહન થાય છે.

ત્યાગ : દ્રવ્યનું નિઃસ્વાર્થ ભાવે અર્પણ કરવું. ભૌતિક પદાર્થોનો ત્યાગ આસક્તિના ત્યાગ તરફ દોરી જાય છે.

મંત્ર : યજ્ઞક્રિયાનું સૌથી મહત્વનું તત્વ મંત્ર છે. દેવ અને વિધિને અનુરૂપ મંત્રોના ઉપયોગ વિના યજ્ઞ સંપન્ન થઈ શકતો નથી. વેદના મંત્રો વિના યજ્ઞનું અનુષ્ઠાન શક્ય નથી અને યજ્ઞ વિના વેદના રહસ્યાર્થને પામી શકાય તેમ નથી.

ભાવ : શુદ્ધ અને પવિત્ર ભાવથી કરેલું યજ્ઞકર્મ જ ફળ આપે છે. શ્રદ્ધાથી કરેલી દેવોની સ્તુતિ સિદ્ધિ આપે છે.

અગ્નિ : યજ્ઞનું કેન્દ્રીય તત્વ અગ્નિ છે. અગ્નિના માધ્યમથી પરમેશ્વરની ઉપાસના થાય છે. યજ્ઞમાં હોમેલી આહુતિઓને દેવતાઓ સુધી પહોંચાડવાનું કાર્ય અગ્નિ કરે છે.

યજ્ઞના પ્રકારો અને તેમનું વૈદિક મહત્વ :

વૈદિક પરંપરામાં યજ્ઞના અનેક પ્રકારો અને વર્ગીકરણો જોવા મળે છે.

યજ્ઞના મુખ્યત્વે બે પ્રકાર છે : શ્રૌત અને સ્માર્ત.

શ્રૌત યજ્ઞ : શ્રુતિઓ (વેદો) દ્વારા પ્રતિપાદિત યજ્ઞો, જેમાં શ્રુતિપ્રતિપાદિત મંત્રોનો પ્રયોગ થાય છે. બ્રાહ્મણ ગ્રંથોમાં શ્રૌત યજ્ઞોનું વિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે, જેમાં અગ્નિહોત્રી જ યજ્ઞનો અધિકારી છે.

સ્માર્ત યજ્ઞ : સ્મૃતિઓ પર આધારિત યજ્ઞો, જેમાં વૈદિક, પૌરાણિક અને તાંત્રિક મંત્રોનો પણ ઉપયોગ થાય છે. ગૃહસ્થો દ્વારા કરવામાં આવતા પંચમહાયજ્ઞ આ સ્માર્ત યજ્ઞોનો એક મુખ્ય પ્રકાર છે.

યજ્ઞના અન્ય બે મુખ્ય પ્રકારો હવિર્યાગ અને સોમયાગ છે.

હવિર્યાગ : આ યજ્ઞમાં દૂધ, ઘી, ચરુ (ચોખાનો લોટ) અને પુરોડાશ (પીસેલા અનાજનો બનેલો પીંડ) જેવા પદાર્થોની આહુતિ આપવામાં આવે છે. તેના સાત પ્રકારો છે.

૧. અગ્નિહોત્ર : સવાર-સાંજના સમયે અગ્નિને ઉદ્દેશીને થતું વિશેષ કર્મ. છાંદોગ્ય ઉપનિષદમાં તેની ઉપાસનાનું મહત્વ દર્શાવ્યું છે કે, 'જેમ ભૂખ્યો બાળક હંમેશા માતાની પાસે જાય છે, તેવી જ રીતે પ્રાણી અગ્નિહોત્રની ઉપાસના કરે છે.'

૨. દર્શપૂર્ણમાસ : અમાસ અને પૂનમના સમયે થતું અનુષ્ઠાન.

૩. ચાતુર્માસ્યયાગ : ચાર માસ અનુષ્ઠાન સ્વરૂપે થતો યાગ, જેમાં ચાર પર્વ આવે છે : વૈશ્વદેવ, વરુણપ્રઘાસ, સાકમેધ અને શુનાસીરિય.

૪. નિરૂઢ પશુબંધ : વર્ષાઋતુમાં યોજાતો યજ્ઞ.

૫. આગ્રયણ ઇષ્ટ : ચોમાસામાં જ્યારે નવું અનાજ ઉત્પન્ન થાય ત્યારે શરદ અને વસંત ઋતુમાં થતું અનુષ્ઠાન.

૬. સૌત્રામણી : ઇન્દ્રના નિમિત્તે થતો યજ્ઞ.

સોમયાગ : આ યજ્ઞમાં સોમલતાના રસનું વિભિન્ન દેવોને સમર્પણ કરવામાં આવે છે. આમાં બધા જ વર્ગના ઋત્વિક અને અધ્વર્યુ ભાગ લે છે. આ યજ્ઞના ત્રણ મુખ્ય પ્રકાર છે : એકાહ (એક જ દિવસમાં સંપન્ન થતો), અહીન (૧૨ દિવસ સુધી ચાલતો) અને સત્રયાગ (૧૩ દિવસથી વધુ દિવસ યજમાન સોમરસનું સમર્પણ કરે છે).

અન્ય સોમયાગો :

વાજપેયયાગ : સ્વર્ગ, સમૃદ્ધિ, સ્વરાજ્યની કામના માટે યોજાતો યજ્ઞ. આ યજ્ઞના અનુષ્ઠાનથી યજમાન પ્રજાપતિ સમકક્ષ બને છે.

રાજસૂયયાગ : એક મહાન યાગ જેમાં ૪૩૯ ઇષ્ટિયાગ, ૨ પશુયાગ, ૮ સોમયાગ અને ૭ હવિયજ્ઞનો સમાવેશ થાય છે. રાજા જ તેના અનુષ્ઠાનનો અધિકારી છે.

પુરુષમેધયાગ : ૪૦ દિવસમાં સંપન્ન થતો યાગ, જેમાં પ્રતીકાત્મક રીતે પુરુષોને બાંધીને મુક્ત કરાય છે, વધ-મારણ થતું નથી. યાજક ગામત્યાગ કરી વાનપ્રસ્થ ગ્રહણ કરે છે.

પિતૃમેધ : મૃત પિતાદિની અસ્થિને વનમાં લઈ જઈને પુરુષ આકાર બનાવવાનો હોય છે.

અશ્વમેધ : સાર્વભૌમ રાજાને જ તેના અનુષ્ઠાનનો અધિકાર છે. આ યજ્ઞનું આયોજન સામ્રાજ્ય વિસ્તાર અને પાડોશી રાજાઓને પોતાની શક્તિ બતાવવા માટે કરવામાં

આવતું હતું.

વ્રાત્યયાગ : આચારહીન વ્યક્તિઓ પોતાની વ્રાત્યતાથી છૂટવા માટે આ યજ્ઞ કરે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા અનુસાર યજ્ઞના પ્રકારો :

શ્રીમદભગવદગીતા 'યજ્ઞ'ના ત્રણ ગુણ આધારિત પ્રકારો દર્શાવે છે :

સાત્વિક યજ્ઞ : ફળની આશા રાખ્યા વગર, 'આ મારી ફરજ છે' એવું ધ્યાનમાં રાખીને અને 'મારે યજ્ઞ કરવો જ જોઈએ' એ રીતે મનથી નક્કી કરીને જે યજ્ઞ કરવામાં આવે છે, તે 'સાત્વિક' યજ્ઞ છે. (૧૭-૧૧)

રાજસ યજ્ઞ : ફળને લક્ષમાં રાખીને અને દંભ (દેખાડા) માટે જ જે યજ્ઞ કરવામાં આવે છે, તે યજ્ઞ 'રાજસ' છે. (૧૭-૧૨)

તામસ યજ્ઞ : જેમાં શાસ્ત્રવિધિ જળવાતી નથી, જેમાં અન્ન આપવામાં આવતું નથી, જેમાં મંત્રોનો પ્રયોગ થતો નથી, જેમાં દક્ષિણા અપાતી નથી અને જે શ્રદ્ધા વગરનો હોય, તે યજ્ઞ 'તામસ' કહેવાય છે. (૧૭-૧૩)

ગીતા યજ્ઞના દાર્શનિક પ્રકારો પણ વર્ણવે છે, જે મનુષ્યની પ્રકૃતિ, પ્રેરણા અને મહત્વાકાંક્ષાઓ અનુસાર ભિન્ન હોય છે.

દ્રવ્ય યજ્ઞ : પોતાની સંપત્તિનું દિવ્ય પ્રયોજન માટે દાન કરવું. આમાં ધન કમાવાની વૃત્તિને ભગવદ્-ભક્તિમાં યજ્ઞરૂપે સમર્પિત કરવામાં આવે છે.

તપ યજ્ઞ : કઠોર તપસ્યા દ્વારા કરાતો યજ્ઞ.

યોગ યજ્ઞ : પતંજલિના યોગ દર્શનમાં વર્ણવેલ અષ્ટાંગયોગની સાધના દ્વારા મન પર વિજય પ્રાપ્ત કરવો. જ્યારે યોગ સાધના ભગવદ્-પ્રેમ સાથે જોડાય છે, ત્યારે તે ભક્તિરૂપી અગ્નિમાં આહુતિ બની જાય છે.

જ્ઞાન યજ્ઞ : વૈદિક શાસ્ત્રોનાં અધ્યયન દ્વારા દિવ્ય જ્ઞાનનો વિકાસ કરવો. ભાગવત મહાપુરાણ અનુસાર, સાચું જ્ઞાન તે છે જે ઈશ્વર પ્રત્યેની ભક્તિમાં વૃદ્ધિ કરે.

યજ્ઞ અને મહાયજ્ઞ :

ધર્મશાસ્ત્રકાર મહર્ષિ અંગિરસ 'અંગિરાસ્મૃતિ'માં યજ્ઞ અને મહાયજ્ઞ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે છે.

યજ્ઞ : જે યજ્ઞમાં 'વ્યષ્ટિસંબંધ હોય તેને યજ્ઞ કહેવાય છે.' આમાં 'સ્વ' (પોતાના)નાં કલ્યાણની ઇચ્છા રહે છે.

મહાયજ્ઞ : જે યજ્ઞમાં 'સમષ્ટિસંબંધ હોય, તેને મહાયજ્ઞ કહેવાય છે.' આમાં 'સર્વનાં કલ્યાણની ભાવના' રહેલી હોય છે.

નિત્ય, નૈમિત્તિક, કામ્ય યજ્ઞ :

ઉદ્દેશ્ય અને અનિવાર્યતાના આધારે યજ્ઞના ત્રણ પ્રકાર છે :

કામ્ય યજ્ઞ : કોઈ ચોક્કસ ફળની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે. પુત્ર, ધન, સ્વર્ગ વગેરે મેળવવા માટે થતા યજ્ઞોનો આમાં સમાવેશ થાય છે.

નૈમિત્તિક યજ્ઞ : કોઈ ચોક્કસ નિમિત્ત (કારણ) ઉપસ્થિત થવા પર કરવામાં આવે છે, જેમ કે અશુભ કાળે જન્મ થતાં શાન્તિવિધાન કે નવગૃહે વાસ્તુવિધાન.

નિત્ય યજ્ઞ : આ યજ્ઞો અનિવાર્ય છે અને તેમાં કોઈ છૂટછાટ નથી. તે કરવાના જ છે.

પંચમહાયજ્ઞ : ગૃહસ્થ માટે આ પાંચ નિત્યયજ્ઞ અનિવાર્ય છે, જે ગૃહકાર્યો દરમિયાન અજાણપણે થતી પાંચ પ્રકારની હિંસામાંથી મુક્તિ અપાવે છે. મનુસ્મૃતિ અનુસાર ગૃહસ્થને ચૂલો ફૂંકવો, ઘંટીથી દળવું, સાવરણીથી કચરો કાઢવો, ખાંડણિયામાં ખાંડવું અને પાણી સીંચીને ગાળવું - આ પાંચ સ્થાનોમાં અજાણપણે જીવહિંસા થવાની શક્યતા રહે છે. આ પાપોમાંથી છૂટકારો મેળવવા માટે ગૃહસ્થાશ્રમી પોતાની શક્તિ મુજબ પંચમહાયજ્ઞ કરે, તો તેને આ પાપમાંથી મુક્તિ મળે છે. આ પંચમહાયજ્ઞ છે :

૧. બ્રહ્મયજ્ઞ : વેદોનું અધ્યયન-અધ્યાપન અને જપ કરવો.

૨. પિતૃયજ્ઞ : પિતૃઓનું અન્ન, જળ, દૂધ, ફળથી તર્પણ કરવું અને તેમને સંતુષ્ટ કરવા.

૩. દેવયજ્ઞ : અગ્નિમાં હોમ કરવો.

૪. ભૂતયજ્ઞ : બલિવૈશ્વદેવ કરવો.

૫. નૃયજ્ઞ (મનુષ્યયજ્ઞ) : અતિથિઓનો ભોજન વગેરેથી સત્કાર કરવો.

ધર્મની દૃષ્ટિએ યજ્ઞનું મહત્વ :

ધાર્મિક દૃષ્ટિએ યજ્ઞનું મહત્વ અત્યંત ગહન છે, જે વ્યક્તિગત આધ્યાત્મિક ઉન્નતિથી લઈને સામાજિક સુમેળ અને વૈશ્વિક કલ્યાણ સુધી વિસ્તરેલું છે. યજ્ઞ લૌકિક અને પારલૌકિક બન્ને સ્તરે માનવજીવનને પ્રભાવિત કરે છે. તે માત્ર દેવોની પૂજાનું માધ્યમ નથી, પરંતુ સ્વ-શુદ્ધિ, સામાજિક જવાબદારી અને અંતિમ મુક્તિ તરફ દોરી જતો એક માર્ગ છે. યજ્ઞનો આ બહુમુખી પ્રભાવ સનાતન ધર્મનો એક પાયાનો સ્તંભ છે.

આધ્યાત્મિક વિકાસ અને મોક્ષ પ્રાપ્તિ :

યજ્ઞ એક મૂલ્યવાન આધ્યાત્મિક સાધન છે. તે મનુષ્યમાત્રની પોતાની જ અંદર રહેલા પરમતત્વ સાથે જોડાણની ક્રિયા છે. યજ્ઞ અભિપ્સા અને સમર્પણના આધ્યાત્મિક વિકાસના મુખ્ય સ્તંભોને સિદ્ધ કરવા માટે

ચાલકબળ પૂરું પાડે છે. શાસ્ત્રોમાં એવું પણ કહેવાયું છે કે યજ્ઞ દ્વારા આત્માનો સાક્ષાત્કાર અને ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. પુરાણોમાં યજ્ઞને સ્વર્ગની સીડી ગણવામાં આવ્યો છે.

યજ્ઞ કરવાથી શારીરિક અને માનસિક અશુદ્ધિઓ દૂર થાય છે. મત્સ્યપુરાણ અનુસાર નિષ્કામ ભાવથી યજ્ઞ કરનારને પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

દેવપૂજન અને ઋણમુક્તિ :

યજ્ઞ એ દેવોને દ્રવ્યાદિનું શ્રદ્ધાપૂર્વક દાન કરવાની પ્રક્રિયા છે. અગ્નિ આહુતિઓને દેવતાઓ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે, જેના કારણે તેને 'જ્ઞ' (અગ્નિને લગતું) કહેવાય છે. ભગવાન વિષ્ણુનું એક સ્વરૂપ યજ્ઞાવતાર પણ છે, શાસ્ત્રોમાં 'યજ્ઞો વૈ વિષ્ણુઃ' (યજ્ઞ ખરેખર વિષ્ણુ છે) કહેવાયું છે.

પ્રજાપતિ બ્રહ્માએ સૃષ્ટિના આરંભે યજ્ઞસહિત પ્રજાઓને સર્જી હતી અને તે પ્રજાઓને યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામવા કહ્યું હતું, જેથી યજ્ઞ તેમને ઇચ્છિત ભોગ આપનાર થાય. વેદ અવિનાશી પરમાત્મામાંથી ઉત્પન્ન થાય છે, અને સૃષ્ટિનું નિર્માણ અને સંચાલન કરનાર શક્તિ એ બ્રહ્મની પ્રાપ્તિ નિત્ય કર્મરૂપી યજ્ઞથી થાય છે. આ રીતે યજ્ઞ સૃષ્ટિના સંચાલન અને દેવતાઓ સાથેના સંબંધને મજબૂત બનાવે છે.

મનુષ્ય પર ત્રણ પ્રકારના ઋણ હોય છે : દેવતાઓનું ઋણ (સૃષ્ટિના સંચાલન માટે), ઋષિઋણ (જ્ઞાન પ્રદાન કરવા માટે), પિતૃઋણ (પૂર્વ પેઢીઓ થકી આપણા અસ્તિત્વ માટે). આ ઋણ સંપૂર્ણપણે ચૂકવી શકાતા નથી, પરંતુ યજ્ઞ દ્વારા તેમને ચૂકવવાનો પ્રયાસ કરવાથી મુક્તિના દ્વાર ખૂલે છે.

સાંસ્કૃતિક પ્રતીક અને સામૂહિકતા :

સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિ 'યજ્ઞ, દાન અને તપ' આ ત્રણ શબ્દોમાં સમાહિત છે, જેમાં યજ્ઞનું વિશેષ મહત્વ છે. યજ્ઞ સામૂહિકતાનું પ્રતીક છે. અન્ય ઉપાસનાઓ એકલા કરી શકાય છે, પરંતુ યજ્ઞ એવું કાર્ય છે જેમાં અધિક લોકોના સહયોગની આવશ્યકતા છે. યજ્ઞ આયોજનોથી સામૂહિકતા, સહકારિતા અને એકતાની ભાવનાઓ વિકસિત થાય છે.



પ્રત્યેક શુભ કાર્ય, પર્વ-તહેવાર અને સંસ્કાર યજ્ઞ સાથે સંપન્ન થાય છે, જેમ કે યજ્ઞોપવિત, લગ્ન, ગૃહપ્રવેશ વગેરે.

યજ્ઞમાં ચાર મુખ્ય ઋત્વિજો હોય છે, જે વેદોના જ્ઞાનનો ઉપયોગ કરીને યજ્ઞને સંપન્ન કરાવે છે :

૧. હોતા : સ્તુતિપરક મંત્રો દ્વારા દેવતાઓનું આહ્વાન કરે છે.

૨. અધ્વર્યુ : યજ્ઞનું સંપાદન કરે છે તથા ગદ્યાત્મક યજુષોનું ઉચ્ચારણ કરે છે.

૩. ઉદ્ગાતા : યજ્ઞની નિર્વિઘ્ન સંપન્નતા માટે સામ મંત્રોનું સ્વર સહિત ગાયન કરે છે.

૪. બ્રહ્મા : વેદનું વિધિવત્ નિરિક્ષણ કરે છે અને યજ્ઞના વિઘ્નોનું નિવારણ કરે છે.

યજ્ઞ વિજ્ઞાન : પર્યાવરણીય અને સ્વાસ્થ્ય લાભો :

આધુનિક વિજ્ઞાન યજ્ઞના પર્યાવરણીય અને સ્વાસ્થ્ય સંબંધિત લાભોને સમર્થન આપી રહ્યું છે, જે પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવેલા તેના ગુણધર્મોને પુષ્ટિ આપે છે. યજ્ઞ દ્વારા ઉત્પન્ન થતા ઔષધિય ધુમાડા, મંત્રોના ધ્વનિ અને તેના પર્યાવરણીય પ્રભાવોના સ્વાસ્થ્યવર્ધક અને વાતાવરણ શુદ્ધિકરણના લાભો નોંધપાત્ર છે. આ સંશોધનો યજ્ઞને માત્ર એક ધાર્મિક વિધિ તરીકે નહીં, પરંતુ એક વૈજ્ઞાનિક રીતે માન્યતાપ્રાપ્ત ઉપચાર અને પર્યાવરણીય સુધારણાના સાધન તરીકે પ્રસ્થાપિત કરે છે.

પર્યાવરણીય શુદ્ધિ અને સંરક્ષણ :

યજ્ઞ વાયુમંડળને શુદ્ધ કરે છે અને પ્રદૂષિત હવાને સ્વચ્છ બનાવવામાં મદદ કરે છે. યજ્ઞમાંથી નીકળતા ધુમાડાથી પર્યાવરણમાં રહેલા બેક્ટેરિયા અને જીવાણુઓનો નાશ થાય છે. પ્રારંભિક અભ્યાસો દર્શાવે છે કે યજ્ઞ વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડે છે, તેમજ પાર્ટિક્યુલેટ મેટરને પણ ઘટાડે છે.

યજ્ઞમાં ગાયનું ઘી, સમિધ, ગૌકાષ્ટ તથા વિવિધ ઔષધીય પદાર્થો (હવન સામગ્રી)નો ઉપયોગ થાય છે, જે વાયુપ્રદૂષણ નિવારણમાં લાભકારી છે. યજ્ઞના ધુમાડામાં

શક્તિશાળી એન્ટિબાયોટિક ગુણધર્મો હોવાનું પ્રયોગશાળાના અભ્યાસોમાં સાબિત થયું છે. યજ્ઞની રાખ (ભસ્મ) પાણીને શુદ્ધ કરે છે અને પીવા યોગ્ય બનાવે છે. હોમા થેરાપી આધારિત કૃષિ પદ્ધતિઓ જમીનની ફળદ્રુપતા સુધારે છે, સૂક્ષ્મ જીવોને સક્રિય કરે છે (જેમ કે નાઈટ્રોજન ફિક્સર્સ અને ફોસ્ફેટ સોલ્યુબિલાઈઝર્સમાં ૧૦૦થી ૧૦૦૦ ગણો વધારો) અને પાકની ઉપજ વધારે છે. કેટલાક સંશોધકોએ સૂચવ્યું છે કે ગાયના ઘીનો ધુમાડો આણ્વિક વિકિરણની અસરને મોટા પ્રમાણમાં ઘટાડી શકે છે. આ પુરાવા દર્શાવે છે કે યજ્ઞ પર્યાવરણને શુદ્ધ કરવા અને ઈકોલોજિકલ સંતુલન જાળવવા માટે એક અસરકારક પદ્ધતિ છે.

માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય લાભો :

યજ્ઞ માનસિક શાંતિ પ્રદાન કરે છે અને તણાવ ઘટાડે છે. યજ્ઞમાંથી નીકળતા ધુમાડાથી શરીર અને મન શુદ્ધ થાય છે. પતંજલિ સંશોધન સંસ્થા દ્વારા કરાયેલા અભ્યાસો દર્શાવે છે કે યજ્ઞથેરાપી ડાયાબિટીસ, કેન્સર અને હૃદય રોગના લક્ષણોને નિયંત્રિત કરી શકે છે. આ સંશોધન ઈન્ટરનેશનલ જર્નલ ઓફ ઈમર્જિંગ ટેક્નોલોજીસ (IJEET)માં પણ પ્રકાશિત થયું છે.

યજ્ઞથેરાપી મગજ સંબંધિત બિમારીઓ માટે ફાયદાકારક છે. વેદમંત્રોના લયબદ્ધ ઉચ્ચારણથી મગજના ચેતાકોષો પર સકારાત્મક અસર થાય છે. હર્બલ સ્મોકના ઘટકો CB2 રીસેપ્ટર્સ સાથે જોડાઈને ચિંતાના વિકારોને ઘટાડી શકે છે અને ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો ડિપ્રેશનને દૂર કરી શકે છે. યજ્ઞમાં વપરાતી ઔષધીય વનસ્પતિઓ (જેમ કે ગિલોય, શતાવરી, લીમડો, તજ) રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે, ઊંઘની ગુણવત્તા સુધારે છે અને ચયાપચયમાં સુધારો કરે છે.

યજ્ઞ શારીરિક અશુદ્ધિઓ દૂર કરે છે. ધનવંતરી યજ્ઞ ઉપચાર અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે જાણીતો છે. યજ્ઞ ફેફસાં માટે ફાયદાકારક છે. યજ્ઞીય ધુમાડો શ્વસનતંત્રને સાફ કરવામાં મદદ કરે છે.

આધુનિક સમયમાં યજ્ઞનું મહત્વ :

આધુનિક યુગના પડકારો, જેમ કે પર્યાવરણીય પ્રદૂષણ, માનસિક તણાવ અને સામાજિક વિઘટન સામે યજ્ઞ એક પ્રસ્તુત અને શક્તિશાળી સમાધાન પ્રદાન કરે છે. યજ્ઞની અનુકૂલનશીલતા તેને વર્તમાન સમયની જરૂરિયાતોને પહોંચી વળવા સક્ષમ બનાવે છે.

વર્તમાન સમયમાં પર્યાવરણના સંશોધન અને શુદ્ધિની આવશ્યકતા છે. યજ્ઞ માત્ર બાહ્ય પ્રદૂષણ (ઝેરી વાયુ) જ નહીં, પરંતુ લોકોના મનમાં રહેલી આસુરી વૃત્તિ (માનસિક પ્રદૂષણ)ને પણ દૂર કરવાનું સર્વોત્તમ માધ્યમ છે. રામાયણ અને મહાભારતકાળમાં પણ આસુરી વાતાવરણને શુદ્ધ કરવા માટે યજ્ઞોનો પ્રયોગ થયો હતો. ગુરુ વશિષ્ઠજીએ રામચંદ્રજીને લંકાના રાક્ષસોનો ખાતમો બોલાવ્યા પછી પણ વાતાવરણને યજ્ઞીય પ્રક્રિયા દ્વારા શુદ્ધ કરવાની જરૂરિયાત જણાવી હતી. વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ છે કે રામરાજ્ય સ્થાપિત થતાં જ રામચંદ્રજીએ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો અને બનારસમાં આજે પણ દશાશ્વમેધ ઘાટ આવેલો છે.

મહાભારતના યુદ્ધમાં પાંડવોનો વિજય થયા પછી, ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને વાતાવરણમાં ભરેલા આસુરી ઘટકોને દૂર કરવા માટે વિશાળ રાજસૂય યજ્ઞ કરવાનું સૂચવ્યું હતું. આ ઐતિહાસિક ઉદાહરણો આજના સમયમાં પણ વાતાવરણ શુદ્ધિ માટે યજ્ઞની પ્રસ્તુતતા દર્શાવે છે.

આધુનિક જીવનશૈલીને કારણે વધતા માનસિક તણાવ અને સમસ્યાઓ માટે યજ્ઞ માનસિક શાંતિ પ્રદાન કરે છે. યજ્ઞથેરાપી દ્વારા તણાવ, ચિંતા અને ડિપ્રેશનનું સંચાલન શક્ય છે, જે આજના સમયની મોટી જરૂરિયાત છે. યજ્ઞ કરવાથી ઘરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે અને નકારાત્મકતા દૂર થાય છે, જેનાથી ઘરનું વાતાવરણ શુદ્ધ થાય છે.

અનુકૂલન અને સુલભતા :

કળિયુગમાં સમયના અભાવને કારણે, ઘરે પણ નાની વિધિ સાથેનો કરવામાં આવતો યજ્ઞ અત્યંત લાભદાયક છે. જો દૈનિક યજ્ઞ ન થાય, તો ઓછામાં ઓછું અઠવાડિયે એક વાર, કે પંદર દિવસે, કે મહિને એક વાર અવશ્ય કરવો.

પરંપરાગત યજ્ઞો માટે મુહૂર્ત, લાંબો સમય અને આર્થિક વ્યવસ્થાની જરૂર પડે છે. તેની સામે જપયજ્ઞ કોઈ પણ સમયે, અલ્પસમય માટે અને 'ઝીરો બજેટ' માં પણ ભાવ અને ભક્તિથી કરી શકાય છે, જે ગરીબ અને નિર્ધન વ્યક્તિ માટે પણ સુલભ છે.

યજ્ઞનો અર્થ માત્ર હવન અને પૂજા કરવી એવો થતો નથી, પરંતુ 'સમયની માંગ પ્રમાણે જે કામ યોગ્ય તે કામ નિઃસ્વાર્થ ભાવે કરવું' એ પણ યજ્ઞ છે. યજ્ઞ વ્યક્તિને આળસુ બનીને બેસી રહેવાને બદલે, સકારાત્મક બદલાવ લાવવા માટે અથાગ પ્રયત્નો કરવા પ્રોત્સાહિત કરે છે.

સંક્ષેપમાં, યજ્ઞ એ એક શાશ્વત પ્રથા છે જે મનુષ્યને પોતાની જાત સાથે, સમાજ સાથે અને પ્રકૃતિ સાથે સુમેળ સાધવાનો માર્ગ બતાવે છે, જે સર્વનાં કલ્યાણ અને સર્વવ્યાપી શાંતિના લક્ષ્યને સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનું અમૃતપર્વે ભવ્ય સન્માન

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી પોતાના જીવનના પંચોતેર વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. પૂજ્ય સ્વામીજીએ પોતાના આ દીર્ઘ જીવનકાળ દરમિયાન ઉચ્ચ સાધના, શિક્ષણ અને લોકકલ્યાણના અનેક કાર્યા છે. હિન્દુ ધર્મ તથા સંસ્કૃત-સંસ્કૃતિનો દેશ-વિદેશમાં પ્રચાર-પ્રસાર કરી ખૂબ પ્રિયપાત્ર થયા છે. આ અવસરે સ્વામિનારાયણ સંપ્રદાય પણ સ્વામીજીના જીવનકાર્યોથી ગૌરવ અનુભવે છે. ત્યારે વડતાલ ખાતે શિક્ષાપત્રી તથા આચાર્ય સ્થાપના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે સંપ્રદાયના આચાર્યશ્રી પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ રાકેશપ્રસાદજી મહારાજ તથા વડતાલ ટેમ્પલ બોર્ડ, જુનાગઢ ટેમ્પલ બોર્ડ, ગઢપુર ટેમ્પલ બોર્ડ, સત્સંગ મહાસભા તથા અન્ય ધામોના વડીલ સંતોએ પૂજ્ય સ્વામીજીનો ભવ્ય સત્કાર કર્યો હતો.

આ પ્રસંગે વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેનશ્રી પરમ પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન સંત છે. તેઓ સમસ્ત સંપ્રદાયનું આભૂષણ છે. એમના જીવન દ્વારા લખાયેલો ગ્રંથ સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીમાં અભ્યાસક્રમમાં સામેલ છે. એમની કલમ, એમનું વૈદુષ્ય એમનો સનાતન ધર્મના ધર્મગુરુઓ સાથેનો વર્ષોના સંબંધોનું ફળ વડતાલમાં બિરાજમાન લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કર્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક સનાતન ધર્મનું જ એક અંગ છે તે બાબતની સ્થાપના પૂજ્ય સ્વામીજી દ્વારા અહીં જ ધર્મગુરુઓના સાંનિધ્યમાં થઈ છે. આ ઉપરાંત એમના દ્વારા અનેક સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય ક્ષેત્રે સેવાકાર્યો થયા છે. પૂજ્ય સ્વામીજીના આ તમામ સત્કાર્યોને આજે વડતાલ ટેમ્પલ બોર્ડ, જૂનાગઢ ટેમ્પલ બોર્ડ, ગઢપુર ટેમ્પલ બોર્ડ તથા સત્સંગ મહાસભા વધાવે છે અને બહુમાન કરે છે.

આ પ્રસંગે પરમ પૂજ્ય ધર્મધૂરંધર ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે પૂજ્ય સ્વામીજીને સન્માનપત્ર અર્પણ કરાયું હતું. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પૂજ્ય સ્વામીજીની સાથે રહીને આ સન્માન સ્વીકાર્યું હતું. પૂજ્ય મહારાજશ્રી સાથે પરમ પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી (ચેરમેનશ્રી વડતાલ) પરમ પૂજ્ય દેવપ્રકાશદાસજી સ્વામી (કોઠારીશ્રી વડતાલ) પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી હરિજીવનદાસજી સ્વામી (ચેરમેનશ્રી ગઢપુર), પરમ પૂજ્ય પી.પી. સ્વામી (ચેરમેનશ્રી જૂનાગઢ), પરમ પૂજ્ય ધર્મકિશોરદાસજી સ્વામી (મહંતશ્રી જુનાગઢ), પરમ પૂજ્ય સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળધામ), પરમ પૂજ્ય સદ્‌ગુરુ નિત્યસ્વરૂપદાસજી સ્વામી (સરધારધામ) ઉપરાંત ત્રણેય બોર્ડના સભ્યો તથા અન્ય સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સભામાં ઉપસ્થિત હજારો સંતો-ભક્તોએ પૂજ્ય સ્વામીજીના આ સન્માનને તાળીનાદ તથા ભગવાનના જયનાદથી વધાવી લીધું હતું.

અ.નિ. પૂજ્ય પુરાણી સ્વામીની સ્મૃતિમાં આયોજિત કાર્તિકી અનુષ્ઠાનમાં પૂજ્ય સ્વામીજી, સંતો-ભક્તો - SGVP

શ્રીનાથ પીઠના મહંત શ્રી જિતેન્દ્રનાથજી મહારાજ -મહારાષ્ટ્ર SGVP ની મુલાકાતે પધારતા પૂજ્ય સ્વામીજી દ્વારા સ્વાગત

॥ ગુરુકુલ ગૌરવ ॥

SGVP ગુરુકુલ અમદાવાદ દ્વારા સંચાલિત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ૨૦૦ ઋષિકુમારો નિઃશુલ્ક અભ્યાસ કરી રહ્યા છે. ચાર વેદોનો અભ્યાસ કરતા ઋષિકુમારોમાં કેટલાક અત્યંત મેધાવી ઋષિકુમારોએ સંપૂર્ણ વેદ કંઠસ્થ કરી લીધા છે. જેમાં તાજેતરમાં સંપૂર્ણ ઋગ્વેદ તથા અથર્વવેદ કંઠસ્થ કરીને દસ ઋષિકુમારોએ ઉજ્જૈનની સાંદીપનિ વેદ વિદ્યા પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા લેવાયેલ પરિક્ષામાં સફળતા પ્રાપ્ત કરી છે. ગુજરાતમાં આવું સૌપ્રથમવાર બન્યું છે. જેથી પૂજ્ય સ્વામીજીએ ઋષિકુમારો તથા વેદાભ્યાસ કરાવતા પંડિતોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

॥ શ્રદ્ધાસુમન ॥

અ.નિ. શ્રી મધુભાઈ ખોડાભાઈ ગોંડલિયા :- સુરત નિવાસી પ.ભ. શ્રી મધુભાઈ ગોંડલિયા તા. ૩/૧૧/૨૦૨૫ ના રોજ અક્ષરવાસી થયા છે. મધુભાઈ વચનામૃતના ખૂબ અભ્યાસી હતી. ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે એમની નિષ્ઠા અજોડ હતી. જીવનના છેલ્લા શ્વાસ સુધી ભગવાનનું ભજન કરતા થતા તેઓ અક્ષરવાસી થયા. મધુભાઈનો પરિવાર પણ ખૂબ સેવા-ભજન કરી રહ્યો છે. ભગવાન શ્રીહરિ મધુભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા હિંમતભાઈ, પ્રફુલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ડાહ્યાભાઈ કચરદાસ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી ડાહ્યાભાઈ પટેલ તા. ૧૧/૧૧/૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગુરુકુલ અને ગુરુકુલના સેવાકાર્યો પ્રત્યે હેત ધરાવતા ડાહ્યાભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા અનિલભાઈ, મહેશભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંજુલાબેન રમેશભાઈ શિંગાળા :- ગામ પચપચિયા નિવાસી શ્રી મંજુલાબેન શિંગાળા ૧૮/૧૦/૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે નિષ્ઠાથી જોડાયેલા આ પરિવારના મંજુલાબેનના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ ભગવાનભાઈ, રમેશભાઈ, હિંમતભાઈ, પ્રવીણભાઈ, અર્જુન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

॥ આગામી આયોજન ॥

તા. ૦૧/૧૨/૨૫, સોમવાર : **મોક્ષદા એકાદશી :** શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ - સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા
તા. ૧૫/૧૨/૨૫, સોમવાર : **સફલા એકાદશી :** ૨૨૦મો શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિન
તા. ૧૬/૧૨/૨૫, મંગળવાર : **ધનુર્માસ પ્રારંભ :**
તા. ૨૨/૧૨/૨૫, સોમવાર : **૨૧ દિવસ મહાવિષ્ણુયાગ પ્રારંભ**
તા. ૨૯/૧૨/૨૫, સોમવાર : **શ્રીહરી જયંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૩૧/૧૨/૨૫, બુધવાર : **પુત્રદા એકાદશી :**

શિક્ષાપત્રી તથા આચાર્ય સ્થાપના દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-અમેરિકા ખાતે દિપાવલી મહોત્સવ પ્રસંગે ભવ્ય અન્નકૂટ મહોત્સવ, શિવપૂજન તથા મહોત્સવમાં ઉપસ્થિત ભક્તજનો

ગુરુકુલ પરિવાર યુ.કે. દ્વારા લંડન ખાતે આયોજિત ભવ્ય શાકોત્સવમાં ઉપસ્થિત પૂજ્ય રામસુખદાસજી સ્વામી, પૂજ્ય ભક્તિવેદાંત સ્વામી, સંતો, મહાનુભાવો તથા સ્વયંસેવકો-કાર્યકર્તાઓ

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–